ગાંધીનગર રંગબેરંગી રોશનીથી જગમગશે

સ્વર્ણિમ પાર્ક અને નગરના માર્ગો રોશનીથી ઝળહળશે : શહેરના મોટાભાગના સરકારી બિલ્ડીંગો પર રંગીન રોશની જગમગતી જોવા મળશે

ગાંધીનગર, તા. ૨૨

વાઈબ્રન્ટ સમિટ દરમિયાન નગરના વિવિધ માર્ગો અને સરકારી બિલ્ડીંગો રંગબેરંગી રોશનીથી જગમગશે. ઈલેક્ટ્રીક વિભાગ દ્વારા રાજભવન અને મંત્રી નિવાસથી લઈ મોટાભાગના તમામ બિલ્ડીંગોને રોશનીથી સજાવાશે. શહેરના ગ, ઘ, ચ અને ખ માર્ગ ઉપર પણ લાઈટીંગની ઝળહળતા જોવા મળશે. તા. ૭ થી ૧૩ જાન્યુઆરી દરમિયાન નગરના રસ્તાઓ અને બિલ્ડીંગોને દુલ્હનની જેમ શણગારવામાં આવશે.

વાઈબ્રન્ટ સમિટ-૨૦૧૫ને અનુલક્ષી નગરમાં સ્વચ્છતા અને દબાણ હટાવ ઝુંબેશ ઉપરાંત બ્યુટીફીકેશનના અનેકવિધ કામો હાથ ધરવામાં આવ્યા છે. સફાઈ અને રંગરોગાન સાથે શહેરને વાઈબ્રન્ટ લૂક આપવા તંત્રની ટીમ રાત-દિવસ કામે લાગી છે. શહેરના રસ્તાઓ પણ કેટ આઈ અને મીડીયમ માર્કેટના લીધે રાત્રીના સમયે આકર્ષક લાગી રહ્યા છે. જ્યારે વાઈબ્રન્ટ સમિટ દરમિયાન રાત્રીના પણ નગર કાંઈક વિશેષ નજરાણારૂપ લાગે તે માટે ઠેર ઠેર ભવ્ય રોશની કરવામાં આવશે. વાઈબ્રન્ટ દરમિયાન ગાંધીનગર રોશનીથી ઝગમગતુ જોવા મળશે. ઈલેક્ટ્રીક વિભાગ દ્વારા નગરના વિવિધ માર્ગો પર રંગબેરંગી રોશની કરવામાં આવશે. જેમાં ઘ-૦ થી ઘ-૫, ગ-૦ થી ગ-૫, ચ-૦ થી ચ-૫ અને ખ-૦ થી ખ-૫ ના વિસ્તારમાં રોશની જગમગશે. આ ઉપરાંત સ્વર્ણિમ પાર્કને પણ વિવિધ પ્રકારના લાઈટીંગથી સજાવવામાં આવશે. પાર્કની આજુબાજુના રસ્તાઓ પણ રંગબેરંગી રોશનીથી ઝળહળશે. આ ઉપરાંત નગરના વિવિધ ૧૦ બિલ્ડીંગોને પણ રોશનીથી શણગારવામાં આવશે. અન્ય રોડ સાઈના બિલ્ડીંગોને પણ સંબંધિત કચેરી કક્ષાએથી રોશની લગાવાશે.

(તસવીર : દિપક જાની)

સર્કલો સહીત અન્ય બિલ્ડીંગો પણ રોશનીથી જગમગશે

વાઈબ્રન્ટ દરમિયાન નગરના માર્ગો અને વિવિધ બિલ્ડીંગોને રોશનીથી સજાવાશે. જ્યારે આ બિલ્ડીંગોને રોડ સાઈડ જ રોશની કરવામાં આવશે. આ ઉપરાંત ઉદ્યોગભવન સહીતના સરકારી બિલ્ડીંગો તેમજ સર્કલોને સંબંધિત કચેરીઓ તેમજ સંસ્થાઓ દ્વારા રોશની કરવામાં આવશે.

આ બિલ્ડીંગો રોશનીથી ઝળહળશે

- રાજભવન-મંત્રી નિવાસ
- સરકીટ હાઉસ
- વિશ્રામ ગૃહ
- સ્ટાફ ટ્રેનીંગ કોલેજ
- ટાઉનહોલ
- કલેક્ટર કચેરી
- સદસ્ય નિવાસ રોડ સાઈડ
- સરિતા ઉદ્યાન ફ્રન્ટ સાઈડ

સત્સંગથી અસંગતતા, અસંગતતાથી નિર્મોહતા અને નિર્મોહતાથી નિશ્ચલ તત્વની પ્રાપ્તિ

સમદર્શન આયોજિત જ્ઞાનસત્રના ચોથા દિવસે પૂજ્ય ગુરૂમા સમાનંદજીની અમૃતવાણી

ગાંધીનગર, તા. ૨૨

ચોથા દિવસના જ્ઞાનસત્રનો પ્રારંભ કરતા પૂજ્ય ગુરૂમાએ જણાવ્યું કે, સંસાર વિશે અગાઉ ચર્ચા કરી તેમ મારા સુખ દુઃખની ચાવી અન્યની પાસે હોય અને તે નચાવે તેમ હું નાચુ, તેને આધારે સુખી કે દુઃખી થઉ. આવા સંસારથી અને પરાધીનતામાંથી મુક્ત થવાનો માર્ગ સત્સંગથી શરૂ થાય છે. જે સત્ રૂપ પરમાત્મામાં સ્થિત હોય તેવા ગુરૂજનનો સંગ એટલે સત્સંગ. અઢાવા રાજજના-સુસંસ્કૃત વડીલ અઢાવા સાધકનો સંગ પ્રાપ્ત થાય તો તે પણ સત્સંગ છે. આવુ કાઈ જ ઉપલબ્ધ ન થાય તો સદગ્રંથોનો સંગ કરવો જોઈએ. શિષ્યના સંતાપને હરી લે તેને સંત કહે છે. વ્યક્તિને કર્મયોગ, ભક્તિયોગ કે જ્ઞાનયોગ કોઈપણ માર્ગે આગળ વધવુ હોય તો પણ તેમાં શરૂઆત તો સત્સંગથી જ કરવી પડે છે. મારી માન્યતાઓ કેવી રીતે ભુલ ભરેલી છે, જીવન અને સબંધો પ્રત્યે મારી દૃષ્ટિ કેવી ખામી છે, તેનો ખ્યાલ સત્સંગથી જ આવે છે. સાથે સાથે સત્સંગથી મારો સર્વાંગી વિકાસ થાય છે. આનો ખ્યાલ તાત્કાલિક આવતો નથી પરંતુ સતત સત્સંગ કર્યા બાદ ત્રણ ચાર વર્ષો બાદ હું જ્યારે પાછળ નજર કરૂ તો મને મારામાં શું ફેરફાર થયો તેનો ખ્યાલ આવે છે.

જ્ઞાનસત્ર

સત્સંગને લીધે પ્રાપ્ત થતુ ફળ અસંગત્વ છે. તેનાથી હું તટસ્થ રહેતા શીખું છું. જીવનમાં આવતા ચડાવ ઉતાર પ્રત્યે સ્વસ્થ અભિગમ કેળવાય છે. માન અપમાનથી મોટી ઉછળકુદ થતી નથી. જીવનમાં આવતા દુઃખ કે શોકને હું પચાવી શકું છું અને બધા જ ટેકાઓ વગર એકલો શાંતિથી ઉભા રહેતા શીખી જાઉ છું. આનુ કારણ એ છે કે, અસંગત્વને લીધે હું વિષય, વસ્તુ કે પરિસ્થિતિનું તટસ્થ દર્શન કરી શકું છું. મારૂ મન અગાઉની જેમ તુરંત જ પ્રતિક્રિયા આપતુ નથી.

અસંગત્વને લીધે અંતર શુદ્ધ છે અને તેને લીધે મારો મોહ દૂર થાય છે. મોહથી અંધ થયેલ વ્યક્તિની દૃષ્ટિ આવૃત્ત થયેલી હોય છે, જે જીવ, જગત કે પરિસ્થિતિનું વાસ્તવિક દર્શન કરાવતી નથી. પરંતુ અસંગતાને લીધે મારૂ અંતર શુદ્ધ થતા મોહના પડળો દૂર થાય છે અને યથાર્થ દર્શન થવાને લીધે હું સાચો નિશ્ચય કરી શકુ છુ. પછી ગમે તેવી પરિસ્થિતિ મને વિચલીત કરી શકતી નથી.

પૂજ્ય ગુરૂમાએ આ રીતે જીવનમાં વાસ્તવિક દર્શન પ્રાપ્ત કરવા માટેના ક્રમનો ખ્યાલ આપતા જણાવ્યું કે, આનો પ્રારંભ સત્સંગથી થાય છે જેને લીધે અસંગત્વ પ્રાપ્ત થાય છે અને અસંગત્વને લીધે નિરમોહત્વ (મોહના પડળો દૂર થવા) પ્રાપ્ત થાય છે. આનાથી મન સાપેક્ષ શાંત બને છે. પછી મને મમત્વ વધારે પરેશાન કરતુ નથી. હું વિષય વસ્તુ અને પરિસ્થિતિનું તટસ્થ દર્શન કરી શકુ છું. જેને લીધે મારૂ અંતઃકરણ શુદ્ધ થાય

● અનુસંધાન પાન-૭ પર

વાઈબ્રન્ટમાં કેટેગરી મુજબ મહાનુભાવોને વેલકમ કરાશે

સ્ટાર ગોલ્ડ, ગોલ્ડ, સીલ્વર રેડ અને બ્લ્યુ કેટેગરી પ્રમાણે કેટરીંગ, સીટીંગ તેમજ ટ્રાફિક રૂટની વ્યવસ્થા નિયત કરાશે

ગાંધીનગર, તા. ૨૨

વાઈબ્રન્ટ સમિટમાં દેશ વિદેશથી મહાનુભાવો ઉપસ્થિત રહેવાના છે જયારે આ મહાનુભાવોને અનુલક્ષી જરુરી વ્યવસ્થા જળવાઈ રહે તે માટે સ્ટાર ગોલ્ડ, ગોલ્ડ, સીલ્વર, રેડ અને બ્લ્યુ તેમ કેટેગરી મુજબ આયોજન કરવામાં આવ્યું છે. ચારેય કેટેગરી પ્રમાણે મહાનુભાવોને સીટીંગ એરેજમેન્ટ, કેટરીંગ ઉપરાંત ટ્રાફિકના રૂટનો ક્રમ પણ નક્કી કરવામાં આવ્યો છે.

વાઈબ્રન્ટ સમિટ ૨૦૧૫ નજીકમાં છે ત્યારે સમિટને અનુલક્ષી હાથ ધરાયેલી તૈયારીઓ પણ આખરી તબક્કામાં છે. વાઈબ્રન્ટ સમિટ દરમિયાન દેશ વિદેશના પ્રધાનમંત્રીઓ-ઉદ્યોગપતિઓ સહિત ડેલીગેટસ ગાંધીનગરના મહેમાન બનવાના છે. આ દરમિયાન પી.ડી.પી.યુ. ખાતે યોજાનારી સી.ઈ.ઓ. કોન્કલેવ ઉપરાંત પ્રવાસી ભારતીય દિવસની ઉજવણીના લીધે નગરમાં વી.વી.આઈ.પી. મહાનુભાવોનો દબદબો જોવા મળશે. જેના પરિણામે વાઈબ્રન્ટ સમિટ ધમાકેદાર

● અનુસંધાન પાન-૭ પર

(તસવીર : દિપક જાની)

રંગરોગાન - ગાંધીનગરની શોભામાં રોજ નવી વૃદ્ધિ થઈ રહી છે... માર્ગો ચકાચક બને છે... સેન્ટ્રલ વિસ્ટા ચોખ્ખી ચણાક બની છે... સીસીટીવી કેમેરામાં અવરજવર કેદ કરાય છે... તો વૃક્ષોને પણ રંગરોગાન કરી અને નવો લૂક અપાય છે... છેલ્લા દસ દિવસથી અને હજુ દસ દિવસ નગરને શણગારવા રાત-દિવસ જહેમત ચાલે છે.

નગરમાં ઠંડી યથાવત : પારો ૧૦.૮ ડિગ્રી

ગાંધીનગર, તા. ૨૨

ઉત્તર ભારતમાં રેલાયેલી શીત લહેરનો અનુભવ ગાંધીનગરના નગરજનોને પણ વત્તા ઓછા અંશે થવાનો ચાલુ રહ્યો હતો. આજે ઠંડીનો લઘુત્તમ પારો ૧૦.૮ ડિગ્રી સે. રહ્યો હતો. જ્યારે મહત્તમ તાપમાન ૨૯.૫ ડિગ્રી સે. નોંધાયું હતું. વાતાવરણમાં સવારે ભેજનું પ્રમાણ ૬૭ ટકા હતી જે સાંજે ૪૧ ટકા રહ્યું હતું.

છેલ્લા બે દિવસથી આકાશમાંથી વાદળો દૂર થવાને કારણે ઠંડીમાં વધારો અનુભવાયો હતો અને ગાંધીનગર સહિત સમગ્ર રાજ્યમાં ઠંડીનું તીવ્ર મોજુ ફરી વળ્યુ છે. આ તીવ્ર ઠંડીના કારણે જનજીવન પર ભારે અસર પડી છે. ઉત્તર ભારતમાં ઠંડીના કારણે લોકોનો મૃત્યુઆંક બે આંકડામાં પહોંચી ગયાના સમાચારે નગરજનોમાં ચિંતા ફેલાઈ છે. ગાંધીનગરમાં એક તરફ દિવસભર વાઈબ્રન્ટ સમિટની તૈયારીઓના પગલે તંત્રના ઉધામાને કારણે નગરજનો ત્રસ્ત થઈ રહ્યા છે તો બીજી તરફ ઠંડીના કારણે પણ લોકોની હાલત ખરાબ થઈ જવા પામી છે. રાત્રે ૮ વાગ્યા પછી નગરના રાજમાર્ગો સુમસામ બની જાય છે. અત્યારે શિયાઆની ઋતુના કારણે સવારના સમયે મોર્નિંગ વોકર્સની સારી એવી ભીડ નગરના જાહેર માર્ગોની ફૂટપાથ પર અને બગીચાઓમાં જોવા મળે છે પરંતુ વર્ષના ટુંકા દિવસોનો સમય ચાલી રહ્યો હોઈ સાંજ વહેલી પડી જાય છે. વહેલુ અંધારૂ થવાથી નગરજનો પણ તેમની દૈનિક રોજનીશી

● અનુસંધાન પાન-૭ પર

ઘઉં-રાઈ-વરિયાળીમાં વાવેતર ઘટયુ બટાટા-તમાકુ અને ઘાસચારામાં વધ્યુ

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર જિલ્લામાં રવિ સીઝનમાં વાવેતર વિસ્તારમાં આ વર્ષે ઘટાડો નોંધાયો છે. તેમજ મુખ્ય પાક ગણાતા ઘઉંના વાવેતરમાં ૪ હજાર હેકટર વિસ્તારમાં વાવેતર ઘટવા પામ્યું છે.

રવિ સીઝનમાં વાવેતર વિસ્તારમાં નોંધપાત્ર ઘટાડો સતત બદલાતુ હવામાન જવાબદાર ગણાવાય છે

પ્રાપ્ત થતી વિગતો મુજબ જિલ્લામાં ગત વર્ષે ૬૬ હજાર હેકટર વિસ્તારમાં વાવેતર નોંધાયું હતું. જેની સામે ચાલુ વર્ષે ૬૦,૭૯૬ હેકટર વિસ્તારમાં વાવેતર નોંધાયું છે. હવામાનમાં સતત બદલાવ અને ઠંડીના મોડા આગમનને કારણે ઘઉં, રાઈ તેમજ વરીયાળીના પાકમાં વાવેતર વિસ્તાર ઘટવા પામ્યો છે.

જિલ્લામાં આ વર્ષે ૨૮,૫૦૦ હેકટર વિસ્તારમાં વાવેતર થયું છે. જે ગત વર્ષે ૩૨ હજાર હેકટર વિસ્તારમાં હતું. રાઈના પાકનું વાવેતર ગત વર્ષે ૨૭૭૧ હેકટરમાં હતું તે આ વર્ષે ૧૨૦૭ હેકટરમાં નોંધાયું છે. વરિયાળીનું વાવેતર ૧૬૦૫ હેકટરમાં હતું તે ઘટીને ૧૦૯૭ હેકટર નોંધાયું છે.

જિલ્લામાં આ વખતે રવિ સીઝનમાં બટાટાના વાવેતર વિસ્તારમાં, તમાકુના વાવેતર વિસ્તારમાં વધારો નોંધાયો છે. બટાટાનું વાવેતર ૭૪૨૮ હેકટરમાં નોંધાયું છે. જે ગત વર્ષે ૭૧૭૦ હેકટરમાં હતું. તમાકુના વાવેતરમાં પણ ૨૦૦ હેકટરનો વધારો નોંધાયો છે.

જિલ્લામાં આ વર્ષે રવિ સીઝનમાં વાવેતર ઘટવા પામ્યું છે. જો કે મોડી વાવણી કરાતી જાતોમાં હજુ વાવેતર ચાલુ હોવાથી ૨ થી ૩૩ હજાર હેકટર વિસ્તારમાં વાવેતર વધવાની શકયતાઓ છે. આ વર્ષે ઘઉં માટે જોઈતી ઠંડી મોડી શરૂ થતાં ખેડૂતોએ તે પાકની વાવણીમાં થોડો ઉત્સાહ બતાવ્યો છે.

શાકભાજીના ભાવમાં થયેલા વધારાને ધ્યાને રાખી જિલ્લામાં ૬

● અનુસંધાન પાન-૭ પર

(તસવીર : દિપક જાની)

એક્ઝીબિશન સંકુલ - સેક્ટર-૧૭ના હેલીપેડ ખાતે તૈયાર થઈ રહેલ એક્ઝીબિશન સંકુલમાં રાતદિવસ તડામાર તૈયારીઓ ચાલે છે... અનેક સાઈઝના ડોમ બની રહ્યા છે... સમગ્ર વિસ્તારને ડસ્ટ-ફ્રી બનાવાઈ રહ્યો છે... તોતિંગ ઉંચાઈ અને પહોળાઈ વાળા ડોમમાં રાષ્ટ્રીય કક્ષાનું પ્રદર્શન વાયબ્રન્ટ સમિટનું એક આકર્ષણનું કેન્દ્ર બનશે...

ધારાસભ્યોના નિવાસસ્થાનો ખાતે ખેડુતો દ્વારા ધરણા

ગાંધીનગર, તા. ૨૨

રાજયમાં આજે મંત્રીઓ અને ધારાસભ્યોના નિવાસસ્થાને ખેડુતોએ ધરણા કરીને સરકાર સામે વિરોધ પ્રદર્શિત કરીને કપાસના પોષણક્ષમ ભાવો આપવા માટેની ઉગ્ર માંગણી કરી હતી.

ગુજરાતમાં કપાસ પકવતાં ખેડૂતોને કપાસના પોષણક્ષમ ભાવો નહીં મળતા ખેડુતોને ભારે નુકશાન સહન કરવાનો વારો આવ્યો છે.

● અનુસંધાન પાન-૭ પર

ધારાસભ્ય શંભુજી ઠાકોરના ઘરે કિસાનોના ધરણા-ઘેરાવ

ગાંધીનગર, તા. ૨૨

ભારતીય કિસાન સંઘે કપાસના ભાવ મુદ્દે ધારાસભ્યોને ઘેરાવ કરવા માટેના એલાનના ભાગરૂપે ગાંધીનગર (દ)ના ધારાસભ્ય શ્રી શંભુજી ઠાકોરના નિવાસસ્થાને પહોંચ્યા હતા.

શ્રી ઠાકોરના નિવાસસ્થાને ૫૦ જેટલા ખેડૂતોએ ધરણા કર્યા હતા. જો કે થોડીક સમજાવટ બાદ ખેડૂતો જતા રહ્યા હતા. શ્રી ઠાકોરે આ અંગે સરકારમાં યોગ્ય રજુઆત કરવાની ખાત્રી આપી હોવાનું જાણવા મળેલ છે.

ગાંધીનગરમાં ભારતીય કિસાન સંઘનું વડુમથક છે અને આજે ગાંધીનગર (દ)ના ધારાસભ્યશ્રી શંભુજી ઠાકોરને ઘેરાવ થતાં વાતાવરણમાં ગરમાવો આવ્યો હતો.

ટચુકડી જાહેરખબર

મનોરંજન કર કમિશનરશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર હસ્તકની નીચેની વિગતે રદબાતલ ડીઝલ વાહનો જેવા છે તેવી હાલતમાં જાહેર હરાજી કરવાની થાય છે.

વાહન નંબર	વાહનની વિગત	તળીયાની કિંમત	અનામત મુકવાની રકમ રૂ.
જીજે-૧૮-જી-૧૪૩૧	ક્વોલીસ (ટોયેટો) (ડીઝલ)	રૂ. ૧,૪૮,૦૦૦/-	રૂ. ૧૪,૮૦૦/-
જીજે-૧૮-જી-૧૪૮૫	ક્વોલીસ (ટોયેટો) (ડીઝલ)	રૂ. ૧,૪૭,૦૦૦/-	રૂ. ૧૪,૭૦૦/-

ઉપરોક્ત વાહન માટે હરાજીની તા. ૭/૧/૨૦૧૫ના ૧૨-૦૦ કલાકના રોજ અત્રેની કચેરીમાં રાખેલ છે. હરાજીમાં ભાગ લેનાર ઈચ્છુક વ્યક્તિઓ વાહનોને મનોરંજન કર કમિશનરની કચેરી, બ્લોક નં.૬, પહેલો માળ, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગરના કમ્પાઉન્ડમાં જોઈ શકશે. અનામતની રકમનો ડિમાન્ડ ડ્રાફ્ટ તા. ૬/૧/૨૦૧૫ના રોજ ૧૪-૦૦ કલાક પહેલા મળે તે પ્રમાણે કચેરીએ મોકલવાનો રહેશે. હરાજીની શરતો અને બોલીઓ અંગે કચેરીનો સંપર્ક સાધવો.

નં.મકક/મકમ/ક્વોલીસ/રદબાતલ/હરાજી/વ/ /૨૦૧૪

સહી/-
નાયબ કમિશનર
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

માહિતી/૨૦૩૨/૨૦૧૪-૧૫

ટુંકી મુદતની નિવિદા

વિકાસ કમિશનરશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર, ડૉ. જીવરાજ મહેતા ભવન, બ્લોક નં. ૧૬/૨,ની કચેરીમાં રોજબરોજના ઝેરોક્ષનું કામ કરાવવા માટે એક વર્ષનો ઈજારો આપવા માટે ગાંધીનગર મુકામે ઝેરોક્ષ મશીન ધરાવતી પાર્ટીઓ પાસેથી નીચે મુજબના કામના ભાવ મંગાવવામાં આવે છે.

ઈજારદારે ઝેરોક્ષ મશીન ઝેરોક્ષ કોપી કાઢનાર વ્યક્તિ સાથે અત્રેની કચેરીમાં રાખવાનું રહેશે.

અ.નં.	વિગત	નકલ	નકલનો ભાવ
૧	સાદી ઝેરોક્ષ કોપી સીંગલ સાઈડ	(૧) એક	
૨	સાદી ઝેરોક્ષ કોપી ડબલ સાઈડ	(૧) એક	
૩	જમ્બો ઝેરોક્ષ કોપી	(૧) એક	
૪	મલ્ટી કલર ઝેરોક્ષ કોપી	(૧) એક	
૫	સ્પાયરલ બાઈન્ડીંગ કલરીંગ ટાઈટલ પેજ સાથે	(૧) એક બુક ૧૦૦ પેજ (૨) એક બુક ૫૦ પેજ	
૬	લેમીનેશન	એ-૪ સાઈઝ રોલર પેપર પાઉચ લેમીનેશન	

ઉપરોક્ત મુજબના ભાવો તા. ૩૦/૧૨/૨૦૧૪ કચેરી સમય પુરો થાય તે પહેલા નીચે સહી કરનારને રજી.પો.એ.ડી.થી મળે તે રીતે મોકલવાના રહેશે. આવેલ સીલબંધ કવરો તા. ૩૧/૧૨/૨૦૧૪ના રોજ ૧૫-૦૦ કલાકે સમિટીના સભ્યો તથા એજન્સીઓની હાજરીમાં ખોલવામાં આવશે. સીલબંધ કવર ઉપર ઝેરોક્ષની કામગીરી અંગેના ભાવપત્રક તેવું સ્પષ્ટ દર્શાવવાનું રહેશે તે સિવાયના કવરો ધ્યાને લેવામાં આવશે નહીં. મુદત વિત્યા બાદ આવેલ ભાવો પર ધ્યાન આપવામાં આવશે નહિ. આ ટુંકી મુદતની નિવિદામાં આવેલ ઓફરોમાથી ગમે તે ઓફર મંજુર કરવા કે નામંજુર કરવાની અબાધિત સત્તા નીચે સહી કરનારને રહેશે.

સ્થળ : ગાંધીનગર

સહી/-
મદદનીશ વિકાસ કમિશનર
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

માહિતી/૨૦૨૧/૨૦૧૪-૧૫

જાહેર નિવિદા

આથી ઝેરોક્ષની કામગીરી કરવા રસ ધરાવતી ગાંધીનગરની સંસ્થાઓને જણાવવામાં આવે છે કે શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, બ્લોક નં. ૧૪/૯ મો માળ, નવા સચિવાલય, ગાંધીનગર ખાતે ઝેરોક્ષની કામગીરી માટે એક ઝેરોક્ષ મશીન એક વર્ષ માટે ભાડે રાખવાનું છે, તે અંગેના તેમજ ઝેરોક્ષની તમામ પ્રકારની કામગીરીના ભાવો પણ બંધ કવરમાં આ વિભાગની હ શાખા, ૯મા માળે, તા. ૨૯/૧૨/૨૦૧૪ના રોજ સાંજના ૬-૦૦ કલાક સુધીમાં રૂબરૂમાં આપી જવું.

સહી/-
(ડી. એ. શાહ)
સેક્શન અધિકારી
શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ
સરદાર ભવન, સચિવાલય, ગાંધીનગર
ફોન નં. ૦૭૯-૨૩૨૫૧૦૨૯

SANGHI CEMENT
KisaN
ashirvad C. PVC, UPVC
BENELAVE BATH FITTINGS
DR.FIXIT FOR HEALTHY CONSTRUCTION
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ADITYA BIRLA GROUP
લીકેજ-મુક્ત ઘરો માટે
UltraTech SEAL & DRY Total Waterproofing Solution
Waterproofing ka champion
શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com